Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર Mo- 9016924808 સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 45,(SURAT), DATE-30/04/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૫, (સુરત), તા.૩૦/૦૪/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 અમદાવાદના ચંડોળા તળાવમાં વહેલી સવારથી બુલડોઝર એક્શન શરૂ, મેગા ડિમોલિશન પર સ્ટેની અરજી હાઇકોર્ટે ફગાવી

3 બારડોલીમાં અલંકાર સિનેમા સર્કલ સામેના દબાણ હટાવાયા

4 બાબાસાહેબ આંબેડકરની ૧૩૪ મી જન્મજયંતી નિમિત્તે બારડોલીમાં યુવા સન્માન સમ્મેલન

## સિંધુ નદી મુદ્દે ઝેર ઓકનારા બિલાવલને પાટીલનો જવાબ:

## અમે લુખ્ખી ધમકીથી ડરતા નથી, તાકાત હોય તો આવી જા', ભુટ્ટોએ કહ્યું હતું- 'નદીમાં કાં પાણી વહેશે કાં ભારતીયોનું ખૂન વહેશે'

સુરત- જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પાકિસ્તાન સમર્થિત આતંકીઓએ કરેલા હુમલામાં ૨૬ નિર્દોષ લોકોના જીવ ગયા હતા. આ ઘટના બાદ ભારતે પાકિસ્તાન સાથેની સિંધુ જળસંધિ સ્થગિત કરવાનો નિર્ણય લેતા જ પાકિસ્તાનના રાજનેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટી ના પ્રમુખ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ લાજવાને બદલે ગાજતા કહ્યું હતું કે, સિંધુ નદીમાં કાં તો પાણી વહેશે કાં ભારતીયોનું ખૂન વહેશે. બિલાવલના આ નિવેદન બાદ ભારતના કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે કહ્યું હતું કે, ભારતે સિંધુ જળસંધિ સ્થગિત કરતા જ બિલાવલ ભુટ્ટો બિલબિલાવી ગયો છે. મે તેને કહ્યું કે, ભાઈ અમે ધમકીથી ડરતા નથી. તારામાં તાકાત હોય તો આવી જા.



સૌપ્રથમ જાણીએ શું કહ્યું હતું બિલાવલ ભુટ્ટો ઝરદારીએ? પહેલગામ આતંકી હુમલાની ઘટના બાદ ભારતે અનેક એવા નિર્ણયો લીધા છે કે જેનાથી પાકિસ્તાની નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે. તેમાંનો એક નિર્ણય છે સિંધુ જળસંધિને સ્થગિત કરવાનો. આ નિર્ણય બાદ પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના પ્રમુખ બિલાવલ ભુટ્ટો ઝરદારીએ ઝેર ઓકતા કહ્યું હતું કે, સિંધુ નદીમાં કાં તો પાકિસ્તાનનું પાણી વહેશે કાં ભારતીયોનું ખૂન.

પાટીલે કહ્યું- 'અમે લુખ્ખી ધમકીઓથી ડરતા નથી' બિલાવલના ઝેર ઓકતા નિવેદન બાદ સુરતમાં આયોજિત એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલે બિલાવલને તેની જ ભાષામાં જવાબ આપ્યો હતો. પાટીલે કહ્યું હતું કે, અમે ધમકીઓથી ડરતા નથી. તારામાં તાકાત હોય તો આવી જા.

**સૌપ્રથમ જાણીએ શું કહ્યું હતું બિલાવલ ભુટ્ટો ઝરદારીએ? પહેલગામ આતંકી હુમલાની ઘટના બાદ ભારતે અનેક એવા નિર્ણયો લીધા છે કે જેનાથી પાકિસ્તાની નેતાઓની ઊંઘ હરામ થઈ ગઈ છે.**

## અમેરિકાના વિઝા માટે આવી હોશિયારી કરી તો મર્યા સમજજો

અમેરિકાના વિઝા ઈન્ટર્વ્યુ સ્લોટ ફાળવવામાં અત્યાર સુધી લોલમલોલ ચાલતું હતું, પરંતુ હવે એવું નહીં ચાલે. ઈન્ટર્વ્યુ સ્લોટ માટે ગેરરીતિ આચરનારા સામે અમેરિકાએ આકરું વલણ અપનાવ્યું છે અને હવે આવા લોકોની અપોઈન્ટમેન્ટ કેન્સલ કરવાની સાથે તેને બ્લેકલિસ્ટ કરવા સુધીના પગલાં ભરવામાં આવશે. એટલે કે, તેમના માટે અમેરિકા જવાનો દરવાજો કાયમ માટે બંધ થઈ જશે.



અમેરિકાના વિઝિટર વિઝા માટે ઈન્ટરવ્યુની અપોઈન્ટમેન્ટ મેળવવા હાલ ભલે એક વર્ષ જેટલું વેઈટિંગ ચાલી રહ્યું હોય પરંતુ કેટલાક તત્વો તેમાં અવનવી તરકીબોથી શોર્ટ કટ મારી મોટી રકમના બદલામાં એપ્લિકન્ટને વહેલી ડેટ અપાવી રહ્યા છે. અત્યારસુધી ઈન્ટરવ્યુ સ્લોટ ફાળવવામાં એક રીતે કહીએ તો બધું લોલમલોલ જ ચાલતું હતું અને સિસ્ટમમાં રહેલા છીંડાનો ઉપયોગ કરી લોકોએ ખાસ્સી કમાણી પણ કરી લીધી હતી. જોકે, તાજેતરમાં જ અમેરિકાએ આવી રીતે બુક કરવામાં આવેલા ઢગલાબંધ સ્લોટ્સ કેન્સલ કરી દીધા હતા.

આટલેથી ના અટકતા હવે અમેરિકાએ આ કાંડની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી તેના પ્રત્યે અત્યંત આકરૂં વલણ અપનાવતા જે પણ એપ્લિકન્ટે ગેરરીતિ આચરીને ઈન્ટરવ્યુનો સ્લોટ બુક કરાવ્યો હશે તેમની અપોઈન્ટમેન્ટ તો કેન્સલ થશે જ, પરંતુ તેની સાથે-સાથે અમેરિકા તેમને બ્લેકલિસ્ટ કરી નાખશે. મતલબ કે આવા વ્યક્તિને અમેરિકા ક્યારેય વિઝા જ નહીં આપે.

આ વાત માત્ર આટલેથી જ નથી અટકવાની, પોતે બ્લેકલિસ્ટ કરેલા લોકોનો ડેટા અમેરિકા યુકે, કેનેડા અને ઓસ્ટ્રેલિયા સહિતના દેશો સાથે પણ શેર કરશે અને આ દેશો પણ અમેરિકાએ જેને બ્લેકલિસ્ટ કર્યો છે .

### ભૂતપૂર્વ પાકિસ્તાની કમાન્ડો મૂસા પહેલગામ હુમલાનો માસ્ટરમાઈન્ડ:

## બિન-કાશ્મીરીઓ પર હુમલો કરવા માટે લશ્કરે મોક્યો હતો; જમ્મુ-કાશ્મીરમાં ૮૦ ટૂરિસ્ટ સ્પોટ બંધ

**પહેલગામ-** પહેલગામ આતંકવાદી હુમલામાં મંગળવારે મોટી માહિતી સામે આવી છે. ગુપ્તચર એજન્સીના જણાવ્યા અનુસાર, આ હુમલાનો માસ્ટરમાઇન્ડ પાકિસ્તાનના ભૂતપૂર્વ જજ કમાન્ડર હાશિમ મૂસા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે મૂસા હાલમાં લશ્કર-એ-તૈયબા માટે કામ કરી રહ્યો છે.



લશ્કરે જ તેને જમ્મુ અને કાશ્મીર મોકલ્યો હતો જેથી તે સુરક્ષા દળો અને સ્થાનિક નાગરિકો પર હુમલા કરી શકે. મૂસાએ ઓક્ટોબર ૨૦૨૪માં ગાંદરબલના ગગનગીરમાં હુમલો કર્યો હતો. આમાં ઘણા કામદારો અને એક સ્થાનિક ડોક્ટરે જીવ ગુમાવ્યા. બારામુલ્લા હુમલો પણ મૂસાએ જ કર્યો હતો, જેમાં ૨ સેનાના સૈનિકો અને ૨ કુલીઓએ જીવ ગુમાવ્યા હતા.

આ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. બંને નેતાઓએ પ્રધાનમંત્રીને સંસદના બંને ગૃહોનું ખાસ સત્ર બોલાવવા અપીલ કરી. બીજી તરફ, પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે સોમવારે રાત્રે કહ્યું હતું કે પહેલગામ હુમલા બાદ ભારત ગમે ત્યારે લશ્કરી કાર્યવાહી કરી શકે છે અને પાકિસ્તાની સેના તૈયાર છે. ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાની સેના પણ સતત યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહી છે. પાકિસ્તાની સેનાએ સતત પાંચમા દિવસે કજ્ઞાઈ પર ગોળીબાર કર્યો.

## પલસાણાથી ૫૫ અને બારડોલીથી ૪૩ બાંગ્લાદેશીઓને ઝડપી પડાયા

બારડોલી- સુરત ગ્રામ્ય પોલીસ જિલ્લામાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશી નાગરિકો વિરુદ્ધ સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશના ભાગરૂપે, પોલીસે બે દિવસ દરમ્યાન કુલ ૨૩૯ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોને શોધી કાઢ્યા છે. ભારતમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરી રહ્યા હોવાનું સામે આવ્યું છે. હાલ તમામની ડોક્યુમેન્ટ વેરીફિકેશનની કાર્યવાહી ચાલી રહી છે. જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલામાં ૨૭ના મોત બાદ ગુજરાત પોલીસ ગેરકાયદે વસવાટ કરતા વિદેશી નાગરિકો ખાસ કરીને બાંગ્લાદેશીઓ સામે કાર્યવહી શરૂ કરવામાં આવી છે. સુરત ગ્રામ્ય પોલીસ પણ સક્રિય થઈ છે.



સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ, નાયબ પોલીસ અધિક્ષક, પોલીસ ઇન્સ્પેક્ટર અને સબ-ઇન્સ્પેક્ટર કક્ષાના અધિકારીઓએ જુદા જુદા વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન, બારડોલી, કામરેજ, કીમ, ઓલપાડ, પલસાણા, ઉમરપાડા, માંડવી અને માંગરોળ પોલીસ સ્ટેશન વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગેરકાયદેસર વસવાટ કરતા શંકાસ્પદ બાંગ્લાદેશીઓ મળી આવ્યા હતા.

પોલીસ જાહેર કરાયેલા આંકડા મુજબ, ગત તા.૨૬/૦૪/૨૦૨૪ થી તા.૨૬/૦૪/૨૦૨૪ સુધી ચલાવવામાં આવેલી આ કવાયતમાં ૨૩૯ શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોને શોધી કાઢવામાં આવ્યા હતા. આ તમામ વિદેશી નાગરિકો ભારતમાં રહેવા માટે જરૂરી કાયદેસરના દસ્તાવેજો ધરાવતા ન હોવાનું જાણવા મળતા તેમની સામે કાર્યવાહી હાથ ધરાઇ છે.

કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં ૨૬ જેટલા પ્રવાસીઓના મોતની ઘટનામાં દેશભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે ગુજરાતમાં પણ ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોને સુધી તેમને પરત દિવસમાં મોકલવાની તજવીજ હાથ ધરી દેવાય હતી તાપી જિલ્લામાં પાંચ પોલીસ મથકોમાં ૧૧ ટીમો બનાવી ૧૧૦૦થી વધુઘરોને સર્ચ કરી બાંગ્લાદેશી નાગરિકો ની શોધખોળ હાથ ધરી હતી. તાપી પોલીસને એક પણ બાંગ્લાદેશી મળી ન આવ્યો હતો.

ક્યાથી કેટલા બાંગ્લાદેશી પકડાયા બારડોલી ટાઉન ૪૩, પલસાણા ૫૫, કડોદરા ૨૯, કામરેજ ૩૫, કીમ ૧૨, કોસંબા ૨૫ , ઓલપાડ ૩૩, માંડવી ૭, કુલ ૨૩૯

## પહેલગામ હુમલાના શહીદોને શ્રદ્ધાંજલિ:માણસામાં સ્વૈચ્છિક બંધ, બજરંગદળ-શિવસેનાની રેલીમાં ધારાસભ્ય સહિત અનેક લોકો જોડાયા



ગાંધીનગર- પહેલગામ આતંકવાદી હુમલામાં શહીદ થયેલા ૨૭ લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે માણસા શહેર આજે સજ્જડ બંધ રહ્યું હતું. બજરંગદળ, શિવસેના અને માણસા ભાજપ-કોંગ્રેસ દ્વારા બંધનું એલાન કરવામાં આવ્યું હતું. બજરંગદળ અને શિવસેના દ્વારા ટાવરચોકથી શેઠના પુતળા સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

રેલી દરમિયાન 'ખતમ કરો પાકિસ્તાન'ના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. આ રેલીમાં માણસાના ધારાસભ્ય જે. એસ. પટેલ, ભાજપના કાર્યકરો અને શહેરના હોદ્દેદારો જોડાયા હતા. રેલી ઈટાદરા ચોકડી નજીક શેઠના પુતળા પાસે પહોંચી હતી. ત્યાં મીણબત્તી પ્રગટાવી શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. બંધના કારણે માણસા માર્કેટ યાર્ડ, મુખ્ય બજાર અને સરદાર પટેલ શોપિંગ સેન્ટર સહિતના તમામ બજારો બંધ રહ્યા હતા. જોકે, મેડિકલ સેવાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત રહી હતી.

## કામરેજમાં કોંગ્રેસનું સંગઠન સૃજન અભિયાન: ૧૭ થી વધુ સોસાયટીના આગેવાનો અને કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા

બારડોલી- કામરેજ ખાતે આયોજિત સંગઠન સૃજન અભિયાન કાર્યક્રમમાં રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રભારી ડો. સુનીલ સિંગની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે.



કાર્યક્રમમાં પ્રદેશ નિરીક્ષક અમીબેન રાવત, અમરસિંહભાઈ, ભીખુભાઈ અને મોતીભાઈ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનહરભાઈ પટેલ અને કામરેજ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભગવાનભાઈ ભોકળવા પણ હાજર રહ્યા હતા. કામરેજ ગ્રામપંચાયતના માજી સદસ્ય અને યુવા કાર્યકર એન્જિનિયર સિદ્ધાર્થ (શની) લાડ સહિત કામરેજ નહેર વિસ્તારની ૧૭થી વધુ સોસાયટીના આગેવાનો અને કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા છે.

કાર્યક્રમમાં તાલુકા કોંગ્રેસ સમિતિના તમામ કાર્યકરો, હોદ્દેદારો, વિવિધ સેલના પ્રમુખો, મહિલા કોંગ્રેસના પાયલબેન વઘાસિયા અને મુન્નીબેન સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક અને ઐતિહાસિક ધરોહર ધરાવતી કોંગ્રેસ પાર્ટીના સૃજન સંગઠન અને નવસર્જનના નારા સાથે નવા કાર્યકરો જોડાયા છે તેવું તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભગવાન ભોકળવાએ જણાવ્યું હતું.



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ઈલેક્શન મોડના કારણે વિકાસના કામો અટકી પડે છે

## 'વન નેશન, વન ઈલેક્શન' દેશ હિત માટે જરૂરી : જસ્ટિસ ત્રિપાઠી




દેશમાં પ્રજાહિતના કામા, રાષ્ટ્રના વિકાસ અને સ્થિર સરકારની સાથે સાથે કરોડો-અબજો રૂપિયાના બિનજરૂરી ખર્ચાઓનું આંધણ બચાવવા 'વન નેશન, વન ઇલેક્શન' સીસ્ટમ અમલી બનાવવી અનિવાર્ય છે. કારણ કે, જ્યારે પણ ચૂંટણી આવે ત્યારે તે રાજય કે દેશ આશરે ૧૫૦થી ૨૦૦ દિવસ માટે ઇલેક્શન મોડ પર ચાલે છે અને તેના પરિણામે કોઇપણ પ્રકારના વિકાસ કાર્યો કે, જનહિતાના કામો થતા નથી. આ સંજોગોમાં વન નેશન, વન ઈલેક્શન દેશ હિત માટે બહુ જરૂરી છે', એવો દાવો અત્રે ગુજરાત હાઇકોર્ટના પૂર્વ જસ્ટિસ આર.આર.ત્રિપાઠીએ વન નેશન, વન ઇલેક્શનની સમાજ પર અસરો વિષય પર યોજાયેલા એક કાર્યક્રમ દરમ્યાન પોતાના વકતવ્યમાં કર્યો હતો.

લોયર્સ ફોર વન નેશન વન ઈલેક્શન ગુજરાત રાજય દ્વારા આયોજિત કાર્યક્રમને સંબોધન કરતાં પૂર્વ જસ્ટિસ આર.આર. ત્રિપાઠીએ વધુમાં ઉમેર્યુંકે, દેશની આઝાદીથી ૧૯૬૭ સુધી લોકસભા અને દરેક રાજયોની વિધાનસભા ચૂંટણીઓ સાથે જ થતી હતી પરંતુ ત્યારબાદ પોતાના અંગત સ્વાર્થના કારણે જે તે વખતની સરકારે આ વ્યવસ્થા બદલીને રાજયોની અલગ-અલગ ચૂંટણીઓ શરૂ કરી. જે રાજયમાં ચૂંટણી હોય તેના પાડોશી રાજયમાં પણ તેની અસરી જોવા મળતી હોય છે.

ચૂંટણી દરમ્યાન ઇલેક્શન મોડના કારણે પ્રજા લક્ષી કે વિકાસના કામો અટકી પડે છે. સામાન્ય માણસ સરકારી કચેરીમાં કામ લઈને જાય તો, સાહેબ ઈલેક્શન ડયુટીમાં છે તેવો જવાબ મળે છે. એક રીતે જોવા જઈએ તો, એક રાજયનું ઈલેક્શન કરોડો રૂપિયાના જનહિતના કામોને કર્યુંકે, વન નેશન, વન ઈ લેક્શનથી પાંચ વર્ષમાં એક જ વાર આ આખી પ્રક્રિયા હાથ ધરાશે. જેમાં ખાસ કરીને જે પ્રાદેશિક પક્ષો છે તેમની પાસે ચૂંટણી લડવા પૂરતુ ભંડોળ હોતુ નથી અને વારંવાર આવી ચૂંટણીઓથી તેઓ રાષ્ટ્રીય પાર્ટી જેટલો ખર્ચો કરી શકતા નથી, તેથી વન નેશન, વન ઈ લેકશનથી આવા તમામ પ્રાદેશિક પક્ષોને પણ ફાયદો થશે., તેથી પણ રાષ્ટ્ર હિતમાં વન નેશન, વન ઇલેક્શન ખૂબ જરૂરી છે. વન નેશન, વન ઇલેક્શન પ્રચાર પ્રસાર સમિતિના સભ્ય દેવ કેલ્લા, એડવોકેટ વિજય શર્મા સહિત વિવિધ બાર એસોસિયેશનના હોદ્દેદારો અને મહાનુભાવો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોગ્રેસે શેર કર્યું 'મોદી ગાયબ'નું પોસ્ટર, ભાજપનો પલટવાર- આ તો 'સર તન સે જુદા'ની માનસિકતા




કોગ્રેસે પહલગામ હુમલા અંગે એક તસવીર શેર કરી છે જેનાથી રાજકીય હોબાળો મચી ગયો છે. પાર્ટીએ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પોસ્ટરમાંલખ્યુંછે, 'જવાબદારીના સમયે- Gayab. આ પોસ્ટ પર બીજેપીએ જવાબ આપ્યો હતો કે, 'કોંગ્રેસ સીધા પાકિસ્તાન પાસેથી આદેશ લઈ રહી છે. કોંગ્રેસ પાકિસ્તાન ડીપસ્ટેટની આતંકની ટૂલકીટ બની ગઈ છે.'

આ મામલે ભાજપના સાંસદે અનુરાગ ઠાકુરે કહ્યુ કે, 'કોંગ્રેસ અને તેના નેતાઓની એવી શું મજબૂરી છે કે પાકિસ્તાનના પક્ષમાં બોલવું જરૂરી છે? તેઓ પાકિસ્તાનને કેમ ટેકો આપી રહ્યા છે? શું તેઓ ભારતીયોને લોહી વહેતા જોઈને ગુસ્સે નથી થતા?' ભાજપના સાંસદે આ અંગે વધુમાં કહ્યુ કે, 'તેમના નેતા અને ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી સૈફુદ્દીન સોઝે અમને કહ્યું હતું કે પાકિસ્તાનનું સાંભળો અને પાકિસ્તાનને પાણી પૂરું પાડવાનું બંધ ન કરો. કોંગ્રેસ કોની સાથે ઉભી છે? ભારતની કે પાકિસ્તાનની? જ્યારે ભારત પાકિસ્તાન પર સર્જિકલ સ્ટ્રાઈક કરે છે, ત્યારે કોંગ્રેસ પ્રશ્નો ઉભા કરે છે. હવે કોંગ્રેસનો પાકિસ્તાન તરફી ચહેરો ખુલ્લો પડી ગયો છે. આ ઉપરાંત ભાજપના નેતા અમિત માલવિયાએ કોંગ્રેસ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, 'કોંગ્રેસે જે રીતે 'સર તન સે જુદા' ની તસવીરનો ઉપયોગ કર્યો છે, તેમાં હવે કોઈ શંકા નથી કે આ માત્ર રાજકીય નિવેદન નથી. આ મુસ્લિમ વોટ બેન્ક મેળવવાનો પ્રયત્ન છે. આ વડા પ્રધાન સામે છુપી ઉશ્કેરણી છે. આ પહેલી વાર નથી જયારે કોંગ્રેસે આવી રણનીતિ અપનાવી હોય.' કોંગ્રેસની જવાબદારીના સમયે- Gayab વાળી પોસ્ટ પર અરુણાચલ પ્રદેશના સાંસદ અને સંસદીય બાબતોના મંત્રી અને લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, 'જયારે આપણા વડા પ્રધાન આતંકવાદ સામેની લડાઈનું મજબૂત નેતૃત્વ કરી રહ્યા છે.

# તાપી જિલ્લામાં આગામી તા. ૪ મે ના રોજ યોજાનાર NEET-૨૦૨૫ પરીક્ષા સંદર્ભે જાહેરનામું

## પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેવા આશય સાથે નિવાસી અધિક કલેક્ટરશ્રી દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરાયું




**તાપી-** આગામી તા. ૪ મે ૨૦૨૫ના રોજ નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આયોજિત NEET-૨૦૨૫ ની પરીક્ષા તાપી જિલ્લાના વિવિધ ૦૬ કેન્દ્રો પર યોજાનાર છે. આ પરીક્ષા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા પરીક્ષા સુચારૂ રીતે યોજાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, તાપી-વ્યારા શ્રી આર. આર. બોરડ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ નીચે મુજબના જાહેરનામા દ્વારા પ્રતિબંધિત સૂચનાઓ બહાર પાડવામાં આવ્યા છે.

જાહેરનામા મુજબ પરીક્ષા કેન્દ્રો ના ૧૦૦ મીટર ઘેરાવના વિસ્તારમાં ચાર કે તેથી વધુ વ્યક્તિઓના ભેગા થવું નહી, હથિયાર, મોબાઇલ ફોન વગેરે લઇ જવા નહિં, લાઉડસ્પીકર વગાડવા અથવા તેનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ, ઝેરોક્ષ/ફેક્સ સેન્ટરો ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ, અનધિકૃત વ્યક્તિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અનુસાર દંડનીય રહેશે.

પરીક્ષા કેન્દ્રો- કે. બી. પટેલ ઇંગ્લીશ મી.હાઇસ્કુલ, કે.કે.કદમ કન્યા વિદ્યાલય, એમ.પી પટેલ સેકન્ડરી સ્કૂલ,એકલવ્ય મોડેલ રેસીડેન્ટ સ્કૂલ ઇન્દુ, મોડેલ સ્કૂલ ડોસવાડા, સાર્વજનિક હાઈસ્કૂલ સોનગઢ, એટોમિક એનર્જી સેન્ટર સ્કૂલ કાકરાપાર આમ કુલ ૬ પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા યોજાશે.

# અમદાવાદના ચંડોળા તળાવમાં વહેલી સવારથી બુલડોઝર એક્શન શરૂ, મેગા ડિમોલિશન પર સ્ટેની અરજી હાઇકોર્ટે ફગાવી



અમદાવાદ, સુરત અને રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ગેરકાયદે પ્રવાસીઓ વિરુદ્ધ મેગા ઓપરેશન હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. મોટા શહેરોથી લઈને ગ્રામીણ વિસ્તારોમાં પણ બાંગ્લાદેશી ઘૂસણખોરોને શોધી તેમની અટકાયત કરવામાં આવી રહી છે. એવામાં બાંગ્લાદેશી ઘૂસણખોરોના સૌથી મોટા અડ્ડા સમાન ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશન કરવામાં આવ્યું છે. જોકે, હવે આ કામગીરી પર સ્ટે મૂકવા માટે હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. જોકે, હાઈકોર્ટ દ્વારા આ અરજી ફગાવી દેવામાં આવી છે.

અમદાવાદના ચંડોળા તળાવ પાસે સૌથી વધુ બાંગ્લાદેશી ઘૂસણખોરો રહે છે. પોલીસે અહીંથી જ ૮૦૦ થી વધુ જેટલા શંકાસ્પદ લોકોની અટકાયત કરી હતી. એવામાં હવે અહીં ગેરકાયદે બાંધકામો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. સોમવાર રાત્રિથી જ ચંડોળા તળાવ પાસે મોટી સંખ્યામાં બુલડોઝર અને ટ્રકો ગોઠવી દેવામાં આવ્યા હતા. અહીં ગુજરાત પોલીસની સાથે સાથે ક્રાઇમ બ્રાન્ચ, સાયબર ક્રાઇમ, SRP તથા SOG ની ટીમો પણ તૈનાત કરી દેવામાં આવી છે. કુલ બે હજારથી વધુ જવાનો તૈનાત કરાયા છે. અંદાજે ૪૦ થી ૫૦ બુલડોઝર અને ૪૦ થી વધુ ડમ્પરનો ખડકલો ચંડોળા તળાવ પાસે કરી દેવાયો છે.

ચંડોળામાં અત્યાર સુધી ૫૦૦ જેટલા મકાનો અને ઝૂપડાં ધ્વસ્ત કરાયા છે. ત્યારે લલ્લા બિહાર નામનો વ્યક્તિ ખૂબ ચર્ચામાં છે. લલ્લા બિહારીએ પચાવી પાડેલી ૨ હજાર વાર જગ્યા ખુલ્લી કરીને તેના ગેરકાયદે ફાર્મ હાઉસને તોડી પાડવામાં આવ્યું છે. ફાર્મ હાઉસ રૂમ, કિચન, ચિલ્ડ્રન પ્લે એરિયા, ગાર્ડન, ફુવારા, મીની સ્વિમિંગ પુલ, હીંચકા અને અઈ સહિતની સુવિધાઓથી સજ્જ હતું. લલ્લા બિહારી ગેરકાયદે ફાઇનાન્સનો ધંધો કરતો અને ગેરકાયદે બાંગ્લાદેશીઓને આશરો પુરો પાડતો હતો.

લલ્લા બિહાર પશ્ચિમ બંગાળના એજન્ટ થકી બાંગ્લાદેશીઓને લાવતો હતો. તે વ્યક્તિ દીઠ ૧૦થી ૧૫ હજાર રૂપિયા લેતો હતો અને જગ્યા ભાડે આપતો હતો. એટલું ગેરકાયદે આવેલા બાંગ્લાદેશીઓને ખોટા દસ્તાવેજ બનાવી આપતો હોવાના આરોપ છે. ત્યારે પોલીસે લલ્લા બિહારી અને તેના પુત્ર ફતેહની ધરપકડ કરી લીધી છે. હાલ બંનેને ક્રાઇમ બ્રાન્ચ લઇ જવામાં આવ્યા છે.

હાલ ડિમોલિશનના આ મુદ્દે ૧૮ જેટલાં અરજદારોએ કામગીરી પર સ્ટે મૂકવા માટે હાઇકોર્ટમાં અરજી કરી હતી. આ અરજીમાં ડિમોલિશન મુદ્દે અનેક સવાલ ઉઠાવવામાં આવ્યા હતાં. તેમજ નિયમો વિરૂદ્ધ ડિમોલિશનની કામગીરી કરી હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. અરજીમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે,

અહી રહેતા લોકો બાંગ્લાદેશી નથી અને ખોટી રીતે અમારા મકાન તોડી પાડવામાં આવી રહ્યા છે. આ સિવાય કોઈ ગેરકાયદે વિદેશી છે કે, નહીં તેનો નિર્ણય ફોરેન ટ્રિબ્યૂનલ નક્કી કરે. તેથી તેની સામે કાર્યવાહીના ભાગરૂપે ગેરકાદે રીતે ઘર તોડી ન શકાય. અમને ન તો કોઈ નોટિસ મળી છે અને ન તો પુનર્વસનની કોઈ વાત કરવામાં આવી હતી. આ મુદ્દે ૧૧ વાગ્યે સુનાવણી હાથ ધરવાની હતી. જોકે, હાઈકોર્ટે આ મુદ્દે અરજદારોને અરજી ફગાવી દીધી છે અને ડિમોલિશન પર સ્ટે મૂકવાનો ઈનકાર કરી દીધો છે.

# ક્યાં છે એ મંદિર જયાં આજે પણ ભગવાન પરશુરામની કુહાડી દટાયેલી છે? શું છે પૌરાણિક માન્યતા



આ વર્ષે પરશુરામ જયંતિ 30 એપ્રિલના રોજ ઉજવણી કરવામાં આવશે. માન્યતાઓ પ્રમાણે ભગવાન પરશુરામને ભગવાન વિષ્ણુનો છઠ્ઠો અવતાર માનવામાં આવે છે. પરશુરામનો ઉલ્લેખ રામાયણ, બ્રહ્મવૈવર્ત પુરાણ અને કલ્કી પુરાણ વગેરેમાં જોવા મળે છે. ભગવાન પરશુરામનો જન્મ માતા રેણુકા અને ઋષિ જમદગ્નિના ઘરે થયો હતો. ઋષિપુત્ર હોવા છતાં હોવા સાથે સાથે તેઓ એક કુશળ યોદ્ધા પણ હતા. તેમના હથિયારનું નામ 'ફરસી' અથવા 'કુહાડી' હતું. પરંતુ આજે પણ તેમની કુહાડી ઝારખંડના ગુમલા જિલ્લામાં 'ટાંગીનાથ ધામ' માં દટાયેલી છે અને આ સ્થળ રાંચીથી લગભગ ૧૫૦ કિમી દૂર આવેલું છે.

ટાંગીનાથ ધામ ભગવાન પરશુરામની તપસ્યા સ્થળ હતું

પૌરાણિક માન્યતાઓ પ્રમાણે ટાંગીનાથ ધામ ભગવાન પરશુરામની તપસ્યા સ્થળ હતું, જયાં તેઓ ભગવાન શિવની પૂજા કરતા હતા. આ કુહાડીનો આકાર પણ ભગવાન શિવના ત્રિશૂળ જેવો છે. જેના કારણે ભક્તો તેને ફરસીને ભગવાન શિવના ત્રિશૂળ તરીકે પણ પૂજે છે.

ત્રેતાયુગમાં રાજા જનકની પુત્રી સીતાના સ્વયંવર દરમિયાન ભગવાન રામે શિવજીનું પિનાક ધનુષ્ય તોડી નાખ્યું હતું. ત્યાર બાદ માતા સીતાએ તેમને પોતાના પતિ તરીકે પસંદ કર્યા હતા. જયારે પરશુરામને ખબર પડી કે ભગવાન રામ દ્વારા શિવજીનું ધનુષ્ય તોડી નાખવામાં આવ્યું છે, ત્યારે તેઓ ખૂબ જ ગુસ્સે થયા અને તરત જ તેઓ સ્વયંવરના સ્થળે આવી પહોંચ્યા. જયાં ભગવાન પરશુરામનો લક્ષ્મણ સાથે ઝઘડો થાય છે. પરંતુ, તે દરમિયાન જયારે પરશુરામને ખબર પડી કે ભગવાન શ્રી રામ પણ નારાયણનો અવતાર છે, ત્યારે તેમને ખૂબ દુ:ખ થાય છે.

# બારડોલીમાં આખલાં બાખડતાં વાહનો અને દુકાનોને નુકસાન




બારડોલી- બારડોલી પંથકમાં ફરીવાર રખડતા ઢોરોનો આતંક જોવા મળ્યો છે. બે દિવસ અગાઉ બારડોલીના શાકભાજી માર્કેટ વિસ્તારમાં બે આખલાઓ વચ્ચે થયેલા યુદ્ધના દ્રશ્યો સામે આવ્યાં છે. માર્કેટમાં છુટા ફરતા આખલાઓ બખાડયા હતાં.

આખલાઓ વચ્ચે યુદ્ધ થતા માર્કેટમાં પાર્કિંગ કરેલ બે મોપેડ અને ઇલેક્ટ્રિકની દુકાનમાં સામાનને મોટુ નુકસાન થયું હતું. તોફાની બનેલા આખલાઓએ બે બાઇકનો ખુરદો બોલાવ્યો હતો. સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થઇ છે. બારડોલીમાં લોકો રખડતા ઢોરોના ત્રાસથી ત્રાહિમાન પોકારી ઉઠ્યા છે.

ગત દિવસોમાં પણ રખડતા ઢોરોને પગલે બે નિર્દોષો મોતને ભેટ્યા હતાં. બાદમાં પાલિકાને થોડા દિવસો પૂરતી ઢોરો પકડવાની કામગીરી કરી હતી. પાલિકામાં એસી ચેમ્બરમાં ખુરશી શોભાવતા નિષ્ફળ અધિકારી તેમજ સત્તાધીશો આળસુ થઈ જતાં નગરજનોને માથે જોખમ તોળાયું છે.

## પાકિસ્તાની પત્રકારોના X એકાઉન્ટ્સ પર પ્રતિબંધ



ભારતમાં પાકિસ્તાની પત્રકારોના X એકાઉન્ટ બ્લોક કરાયા.

ખોટી માહિતી અને પ્રોપોગેન્ડા ફેલાવતા મુક્યો પ્રતિબંધ.

ISPR અને ISI સાથે જોડાયેલા છે પાકિસ્તાની પત્રકારો.

# પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીના X હેન્ડલ પર ભારતમાં રોક, પરમાણુ હુમલાની આપી રહ્યા હતા ધમકી




જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત પાકિસ્તાન વિરુદ્ધ કડક કાર્યવાહી કર રહ્યું છે. આ દરમિયાન, ભારતે હવે પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફ સામે કાર્યવાહી કરતા તેના X એકાઉન્ટને બ્લોક કરી દેવામાં આવ્યું છે.

પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે અગાઉ કહ્યું હતું કે, 'પાકિસ્તાન હાઇ એલર્ટ છે અને અમારી સેના સંપૂર્ણપણે તૈયાર છે.' તેમણે ચેતવણી પણ આપી હતી કે, 'જો પાકિસ્તાનને પોતાના અસ્તિત્વ લઈને ખતરો અનુભવાશે તો અમે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરીશું.' તેમના નિવેદન બાદ ભારત સરકારે આ પગલું ભર્યું છે.

ભારતે જમ્મુ અને કાશ્મીર પર ખોટી માહિતી અને ખોટા સમાચાર ફેલાવવા તેમજ આતંકવાદને સમર્થન આપવા બદલ પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા એમ આસિફનું એકાઉન્ટ બ્લોક કરી દીધું છે.

# તાપી જિલ્લામાં પાંચ અદ્યતન એમ્બ્યુલન્સનુ લોકાર્પણ કરવામાં આવ્યું

## રાજયકક્ષાના મંત્રી શ્રી મુકેશ પટેલ તેમજ કુંવરજીભાઇ હળપતિએ સંયુક્તપણે પાંચ એમ્બ્યુલન્સને લીલી ઝંડી આપી એમ્બ્યુલન્સ સેવા કાર્યરત કરાવી





**તાપી-**રાજય કક્ષાના મંત્રી મુકેશ પટેલ, વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ, જળસંપતિ અને પાણી પુરવઠા વિભાગ તેમજ આદિજાતિ વિકાસ રાજયમંત્રીશ્રી કુંવરજીભાઇ હળપતિના સંયુક્તપણે પાંચ એમ્બ્યુલન્સનું લોકાર્પણ વ્યારા ખાતે આજરોજ લીલી ઝંડી આપી કરવામાં આવ્યુ હતું. જિલ્લા સેવા સદન તાપીના જિલ્લા પંચાયત પ્રાંગણમાં મહાનુભાવોની ઉપસ્થિતિમાં ૧૫ માં નાણાપંચ જિલ્લા પંચાયત કક્ષાના આયોજન હેઠળ જિલ્લા કક્ષાની ૧૦% ગ્રાંટ વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત કુકરમુંડા તાલુકાના સદગવાણ, ગંગથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નિઝર તાલુકાના વેલ્દા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને ઉચ્છલ તાલુકાના કરોડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ટાટા ફોર્સની ટ્રેક્સ મોડેલની ચાર એમ્બ્યુલન્સ તેમજ ટ્રાયબલ સબ પ્લાન સોનગઢ દ્વારા ન્યુ ગુજરાત પેટર્ન આયોજન વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત નિઝર તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર નિઝર ખાતે ટાટા ફોર્સની ટ્રાવેલર મોડેલની એક એમ્બ્યુલસનું લોકાર્પણ લીલીઝંડી આપી કરવામાં આવ્યું.

આ લોકાર્પણમાં જિલ્લા પંચાયત તાપી પ્રમુખશ્રી જાલમસિંહ વસાવા, ધારાસભ્યશ્રી મોહનભાઇ ઢોડીયા, ધારાસભ્યશ્રી જયરામ રમેશભાઇ ગામીત, ધારાસભ્યશ્રી મોહનભાઇ કોકણી જીલ્લા કલેક્ટર તાપી શ્રી ડો. વિપીન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારી તાપી રામવિનાસ બુગાલીયા, પ્રાયોજના વહિવટદાર સોનગઢ જયંતસિંહ રાઠોડ અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. અનિલ વસાવા તેમજ આરોગ્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી–
હિમાંશુસિંહ ઠાકોર

### અક્ષય તૃતીયા : સુપાત્રદાનનું સંદેશવાહક પર્વ

ફાગણ વદ આઠમને દિવસે ભગવાન ઋષભદેવે સંયમ પંથ સ્વીકાર્યો. સર્વસ્વનો ત્યાગ કરી પ્રભુ ગામ-નગરોમાં વિહરવા લાગ્યા. ભગવાન ઋષભદેવ આર્ય અને અનાર્ય દેશમાં આહાર લીધા વિના મૌનપણે એક વર્ષ સુધી વિચરતા રહ્યા. લોકોને એ દિવસોમાં નિર્દોષ આહાર કે ગોચરી વહોરાવવા વિશે કશું જ્ઞાન ન હતું, તેથી પ્રભુને સોના-ચાંદીનાં આભૂષણો કે હાથી કે અશ્વ ભેટ આપવા લોકો તત્પર રહેતા, પરંતુ સંયમી પ્રભુને એ કશાનો ખપ ન હતો.

વૈશાખ સુદ બીજની રાત્રિએ હસ્તિનાપુર નગરમાં રાજા સોમપ્રભ, રાજપુત્ર શ્રેયાંસકુમાર, નગરશેઠ સુબુદ્ધિ આ ત્રણેય અલૌકિક સ્વપ્ન આવ્યા. સ્વપ્ન પાઠકોએ કહ્યું કે, ભગવાન ઋષભદેવના પુત્ર બાહુબલીના પુત્ર શ્રેયાંસકુમારને હાથે કોઈ શુભ કાર્ય થવાના સંકેત છે.

દ્વારપાળે સંદેશ આપ્યો કે, ભગવાન ઋષભદેવ આપણા નગરમાં પધાર્યા છે. દોડતા શ્રેયાંસકુમારે પ્રભુનાં ચરણોમાં જઈ પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યા. શ્રેયાંસકુમારના સ્મૃતિના તોતીંગ દરવાજા ઉઘડી ગયા. પૂર્વજન્મનું જ્ઞાન ઝળહળ્યું કે, પ્રભુ સાથે તે નવ-નવ જન્મથી સાથે હતા. નિર્દોષ-આહાર ગોચરીની વિધિનું જ્ઞાન થયું.

ભગવાનના ૪૦૦ દિવસના સહજ ઉપવાસના પારણાનો લાભ લેવા શ્રેયાંસકુમાર પોતાના રાજભવનમાં પહોચ્યા એ પૂર્વે એમની દાનભાવના ત્યાં પહોચી ગઈ હતી અને એ ભાવનાને અનુકૂળ ભૂમિકા સર્જા ગઈ હતી. વૈશાખનો મહિનો હતો. ખેતરોમાં શેરડીનો મબલખ પાક થયો હતો અને ખેતરે શેરડીની રસધારા વહી રહી હતી. કોઈ ખેડૂત આ જ અવસરે ઈક્ષુરસથી ભરેલા કુંભોનું ભેટણું લઈને રાજમહેલ સુધી આવી પહોચ્યો હતો. શ્રેયાંસકુમારનો મનમોર નાચી ઊઠયો. શેરડીનો રસ, નિરવદ્ય આહારને યોગ્ય, બેતાલીશ દોષથી મુક્ત, નિર્દોષ આહાર તરીકે વહોરાલી શકાય, એવું વિત્ત (દાન સામગ્રી) હતું. પ્રભુથી ચડિયાતું પાત્ર વળી બીજું કયું હોઈ શકે ? અને પોતાનું ચિત્ત તો ભાવનાની ભરતીથી ભરપૂર હતું જ !

આમ, વિત્ત-પાત્ર અને ચિત્તના ત્રિભેટે ઊભેલા શ્રેયાંસકુમારની નજર પ્રભુના દર્શને નાચી ઊઠી. એમણે પ્રભુને વિનવ્યા : દાદા આદિનાથ ! મારા ઘરઆંગણે પધારો. હું આપને સુવર્ણ કે સમૃદ્ધિનું દાન નહીં કરું. આ શુદ્ધ દાનનો સ્વીકાર કરીને આપ મને પાવન બનાવો! સુવર્ણ અને સમૃદ્ધિના ઢગ પર નજર પણ ન કરનારા પ્રભુએ શ્રેયાંસકુમારની સામે બે હાથ લંબાવ્યા. સૌના આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો. શ્રેયાંસકુમાર પ્રભુના અંજલિ જોડેલ કરપાત્રમાં એક પછી એક ઈક્ષુરસના કુંભ ઠાલવવા માંડયા. પૂરા ૧૦૮ કુંભ ઠલવાયા અને દેવોએ કરેલા અહોદાન - અહોદાનના દિવ્ય ધ્વનિથી આકાશ તેમજ પંચદિવ્યના પ્રભાવથી એ દાનભૂમિ ભરાઈ ગઈ. દેવતાઓએ આ પ્રથમદાન દ્વારા પ્રભુને થયેલા પારણાથી પ્રસન્ન બની જઈને સાડાબર ક્રોડ સોનૈયા અને કેટલાય વસ્ત્રોની વૃષ્ટિ કરી. આકાશમાં દુંદુભિનો નાદ ફેલાવ્યો તેમજ સુગંધથી ભરપુર પાણી અને પંચવર્ણ પુષ્પોની વૃષ્ટિ કરી. વૈશાખ માસની શુક્લ તૃતીયાને દિવસે આપેલું તે દાન અક્ષય થયું તેથી એ પર્વ અક્ષય તૃતીયાના નામથી અદ્યાપી સુધી પ્રવર્તે છે. જગતમાં દાનધર્મ શ્રેયાંસથી પ્રવત્યો અને બાકીનો સર્વ વ્યવહાર અને નીતિનો ક્રમ ભગવંતથી પ્રવર્ત્યો. એકસો આઠ ઘડા પ્રભુના કરપાત્ર દ્વારા મુખમાં સમાઈ ગયા. એટએટલા ઘડા પ્રભુના કરપાત્રમાં સમાઈ શક્યા. શ્રેયાંસે ઘડો હર્ષનૃત્ય કર્યું. એ આનંદ એના ચિત્તપાત્રમાં છલકાઈ ઊઠયો, એ રોમાંચિત થઈ ઊઠયો.

આજે એણે નિષ્પાપ જીવનનો આદર્શ અને નિરવદ્ય આહારનો મહિમા જગતમાં સ્થાપિત કર્યો હતો. આજના પવિત્ર દિવસ અક્ષય તૃતીયાને સુપાત્ર દાનનું સંદેશાવાહક પર્વ બનાવ્યું હતું. જાણે શ્રેયાંસકુમારે સુકાતા કલ્પવૃક્ષને અમૃતપાન કરાવી નવપલ્લવિત કરી દીધું. અક્ષય તૃતીયા પર્વની પ્રતિષ્ઠા થઈ ! આ પાવન દિવસે જૈનો તપાધિરાજ વર્ષીતપની તપસ્યાનું લોકોત્તર ઉત્સવ ઊજવી પારણું કરે છે. ભગવાન ઋષભદેવ ૪૦૦ દિવસની બાહ્ય અને અભ્યંતર તપની સાધના સહજ રીતે થઈ હતી. તપ એ સ્વેચ્છાએ કષ્ટ સહન કરી કર્મ નિર્ઝરા કરવાની સાધના છે. તપશ્ચર્યામાં અંતરંગ આનંદની અખંડિત ધારા વહે છે. ભગવાનના આ ઉત્કૃષ્ટ તપની સ્મૃતિમાં જૈનો વર્ષીતપની આરાધના કરે છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●





સંપર્ક– અનિલભાઈ મો.97242 60058




સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431

બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# એક્સ્ટ્રીમ હીટવેવથી શારીરિક અને માનસિક હેલ્થ પર ગંભીર ખતરો

એક્સ્ટ્રીમ હીટવેવ. એક્સ્ટ્રીમ વેધરની જેમ હવે આ શબ્દ રોજિંદો કાને પડવાનો છે. એક્સ્ટ્રીમ એટલે હદ બહારનું. તદ્દન સામા છેડાનું. છેલ્લાં થોડા વર્ષોથી એક્સ્ટ્રીમ વેધર શબ્દ કોઈન થયો છે. ખૂબ વરસાદ, ખૂબ ગરમી, ખૂબ ઠંડી, ખૂબ હિમવર્ષા. હદ બહારના વાતાવરણના પરિબળોને એક્સ્ટ્રીમ વેધર કહેવાય છે. હીટવેવનો સમાવેશ એક્સ્ટ્રીમ વેધરમાં થઈ જતો હતો. હીટવેવ માટે માપદંડ નક્કી થયો છે એ પ્રમાણે કોઈ પણ સ્થળે સરેરાશ કરતાં સાત ડિગ્રી વધારે તાપમાન હોય તો એ હીટવેવ છે. હીટવેવની સ્થિતિ એક્સ્ટ્રીમ વેધરનો જ ભાગ છે.

પણ હવે એક્સ્ટ્રીમની પણ એક્સ્ટ્રીમ પરિસ્થિતિ આવી છે. હીટવેવ બેઅસર છે. હવે સમય આવી ચૂક્યો છે - એક્સ્ટ્રીમ હીટવેવનો. હીટવેવમાં જે તાપમાન હોય છે એનાથી ચાર-પાંચ ડિગ્રી તાપમાન વધે તેને એક્સ્ટ્રીમ હીટવેવ કહે છે. દુનિયામાં કેટલાય દેશો હીટવેવના સાક્ષી બને છે. એશિયામાં ભારતીય ઉપખંડ એક્સ્ટ્રીમ હીટવેવ સહન કરે છે. દુનિયાના વેધર અને હેલ્થ એક્સપર્ટ્સ ભારતીય ઉપખંડ પર નજર માંડીને બેઠા છે કે માણસની ગરમી સહન કરવાની મેક્સિમમ ક્ષમતા કેટલી? એ માટે તેમણે પ્રયોગાશાળામાં હ્યુમન બોડી પર પ્રયોગો કરવાની જરૂર નથી. ભારતીય ઉપખંડ અત્યારે એક્સ્ટ્રીમ હીટવેવની પ્રયોગશાળા છે. ભારત-પાકિસ્તાન-બાંગ્લાદેશ જેવા દેશોમાં તાપમાનનો પારો જે ઝડપે સતત ઊંચે ચડે છે અને એમાં લોકો જે રીતે સર્વાઈવ કરે છે એ કેસ સ્ટડી છે.

ભારતના ડઝનેક રાજયોમાં અત્યારે હીટવેવની સ્થિતિ છે. આ મહિને જ પાટનગર દિલ્હીમાં તાપમાનના જૂના બધા રેકોર્ડ તૂટયા. તો ગુજરાત, રાજસ્થાન, બિહાર, ઝારખંડ જેવા ઘણાં રાજયોમાં એક્સ્ટ્રીમ હીટવેવનો હાહાકાર છે. અમદાવાદ, ગાંધીનગર, ભુજ, વડોદરા, અમરેલી, રાજકોટ, સુરેન્દ્રનગર જેવા કેટલા શહેરો અગનભઠ્ઠી બની ગયા છે. દિવસે જ નહીં, રાત્રે પણ અસહ્ય ગરમી ફીલ થાય છે. તાપમાનથી દિવસે ચામડી બળે છે, રાત્રે ગરમ હવાથી અકળામણ વધે છે. અમદાવાદની સ્થિતિ સૌથી વધુ ખરાબ છે. એડવાઈઝરી પ્રમાણે સતત પાણી પીઓ, મો પર ભીંનું કપડું બાંધો, આખું શરીર ઢંકાય એવા કપડાં પહેરો - કંઈ પણ કરો, એક્સ્ટ્રીમ હીટવેવથી રાહત મળતી નથી.

એક્સ્ટ્રીમ હીટવેવના હાહાકાર વચ્ચે તાપમાન અને માનવ શરીર વિશે થોડું જાણી લઈએ...

બ્રિટનના રોહમ્ટન યુનિવર્સિટીના વિજ્ઞાનીઓએ માનવ શરીર ખરેખર કેટલું તાપમાન સહન કરી શકે છે તેનું સંશોધન કર્યું. એના



તારણો પ્રમાણે માનવ શરીર વધુમાં વધુ ૩૫ ડિગ્રી તાપમાન સહન કરી શકે. ૩૫ ડિગ્રીનો તાપ શરીર પર પડે ત્યાં સુધી એની આડઅસરો થતી નથી. સતત બે-પાંચ કલાક ૩૫ ડિગ્રી ગરમીમાં રહેવાથી શરીર બીમાર થતું નથી. પરસેવો વળે, વારંવાર પાણીની તરસ લાગે, એક જગ્યાએ અમુક સમય સુધી રહ્યા હોઈએ તો ગરમી અસહ્ય બને એટલે જગ્યા બદલવી પડે, પરંતુ નોર્મલ ફીટ માણસ આટલી ગરમીમાં ચક્કર આવીને બેભાન ન થઈ જાય.

અમેરિકાની જોહન્સ હોપકિન્સ યુનિવર્સિટીના સંશોધકોએ એક તારણ એવુંય આપ્યું છે કે ૪૦ ડિગ્રી તાપમાન હોય અને ૨૫ ટકાથી નીચે હ્યુમિડિટી હોય તો એનાથી શરીરનું મેટાબોલિઝમ ખોરવાય છે. સામાન્ય રીતે ૩૦થી ૪૦ ટકા હ્યુમિડિટી કમ્ફર્ટેબલ ફીલ આપે છે. અમદાવાદ સહિત ગુજરાતમાં એક્સ્ટ્રીમ હીટવેવના આ દિવસોમાં હ્યુમિડિટી એવરેજ ૧૫ ટકા છે. એટલે જોહન્સ હોપકિન્સ યુનિવર્સિટીના માપદંડ પ્રમાણે તાપમાન અને હ્યુમિડિટીના મામલે આપણી સ્થિતિ ખરાબ છે. તેનાથી શરીરના મેટાબોલિઝમને સીધી અસર થાય છે. મેટાબોલિઝમ ખોરવાય તો સ્વાસ્થ્યને સીધી અસર થાય છે. એમાં વધઘટ થાય તો હાર્ટ એટેકનું જોખમ વધે છે. એક્સ્ટ્રીમ હીટવેવ સતત સહન કરવાથી હાડકા નબળાં પડે છે ને સાંધાના કાયમી દુખાવાની ફરિયાદ વધે છે. શરીરમાં પાણીના અભાવથી કિડની ફેલ થવાનું જોખમ સર્જાય છે.

હ્યુસ્ટનના હેલ્થ સાયન્સ સેન્ટરના વૈજ્ઞાનિકોના કહેવા પ્રમાણે માનવ શરીરની ઊંચું તાપમાન સહન કરવાની એક્સ્ટ્રીમ ક્ષમતા ૪૨.૩ ડિગ્રી છે. આ એક્સ્ટ્રીમ લેવલ છે. સરેરાશ ૩૫ ડિગ્રી તાપમાન સહન થાય, એ પછી વધુમાં વધુ ૪૨ ડિગ્રી. એનાથી વધારે હોય તો શરીર માટે બધી રીતે જોખમ. આ લેવલથી વધુ તાપમાનમાં રહેવાથી શરીરમાં પાણી ઘટી શકે છે. ચક્કર આવે. બેભાન થઈ શકાય. અપચાની સમસ્યા સર્જાય. કલાકો સુધી માથું દુખે.

વેલ, આ બધું ૪૦-૪૨ ડિગ્રી તાપમાન હોય ત્યાં સુધીના જોખમો છે. તાપમાનનો પારો ૪૨ થી વધુ હોય તો?

દુનિયાભરના સંશોધકો માનવ શરીરની મેક્સિમમ તાપમાન સહન કરવાની લિમિટ ૩૫થી ૪૨ ડિગ્રી સુધી હોવાનું કહે છે. અત્યારે સરેરાશ તાપમાનથી સાત ડિગ્રી તાપમાન વધે ત્યારે હીટવેવ એલર્ટ અપાય છે. એનાથી જેટલું પણ તાપમાન વધારે હોય ત્યારે એક્સ્ટ્રીમ હીટવેવ કે એક્સેસિવ હીટવેવનું એલર્ટ મળે છે. એનાથી આગળ કશું નથી. ૪૨ ડિગ્રીથી તાપમાન જેટલું વધારે એટલું શારીરિક-માનસિક સ્વાસ્થ્ય સામે જોખમ પણ વધારે. એમ કહો કે ૪૨ પછી જેટલી ડિગ્રી તાપમાન વધારે હોય એટલું સરેરાશ એક ડિગ્રીએ બે ગણું જોખમ ઉમેરવું પડે.

અસહ્ય તાપમાનથી શારીરિક ઉપરાંત માનસિક સ્વાસ્થ્ય જોખમાય છે એવા અનેક અહેવાલો છેલ્લાં થોડાં વર્ષોમાં રજૂ થયા છે. દુનિયાભરના હેલ્થ એક્સપર્ટ્સ એ બાબતે એકમત છે કે આકરા તાપમાનમાં શરીર શેકાય તેની સીધી અસર માનસિક સ્વાસ્થ્ય પર પડે છે. દરરોજ આવા તાપમાં કામ કરતાં લોકોનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે. બેચેની થાય છે. માણસ ડિપ્રેશનનો શિકાર બને છે. વેલ, દિવસે દિવસે ભારતના મોટા શહેરોમાં આકરી ગરમીના જૂના બધા જ રેકોર્ડ તૂટી રહ્યા છે એ ચિંતાનો વિષય છે. દર વર્ષે હીટવેવના દિવસોમાં એકધારો વધારો થઈ રહ્યો છે.

## બારડોલીનો ૧૫ વર્ષીય કિશોર લાપતા, અપહરણની આશંકા

**બારડોલી-** બારડોલીના ગાયત્રી નગર વિસ્તારમાંથી એક ૧૫ વર્ષીય કિશોર રહસ્યમય સંજોગોમાં ગુમ થતાં ચકચાર મચી છે. આ બનાવ અંગે બારડોલી પોલીસમાં મથકમાં અપહરણની ફરિયાદ નોંધાઈ છે.

મળતી માહિતી મુજબ, ગાયત્રી નગરમાં રહેતા વિશાખાબેન રાજપુતનો ૧૫ વર્ષીય પુત્ર ઉપેન્દ્રસીંગ રાજપુત તારીખ ૨૬ એપ્રિલ, ૨૦૨૫ના રોજ સવારે આશરે ૫:૩૦ થી ૭:૧૫ વાગ્યાના સમયગાળા દરમિયાન ઘરેથી ગુમ થઈ ગયો હતો. પરિવારે તેની

સઘન શોધખોળ કરી પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. આથી, કોઈ અજાણ્યો શખ્સ તેને લલચાવી ફોસલાવી અપહરણ કરી ગયો હોવાની શંકા સાથે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ગુમ થયેલ ઉપેન્દ્રસીંગ પાતળા બાંધાનો, ગોરો રંગ અને લગભગ ૫ ફૂટ ૭ ઇંચ ઊંચાઈ ધરાવે છે. ગુમે થતી વખતે તેણે મરૂન રંગની ટી-શર્ટ અને કાળા રંગનો પેન્ટ પહેર્યો હતો.

## બારડોલીમાં અલંકાર સિનેમા સર્કલ સામેના દબાણ હટાવાયા

**બારડોલી-** બારડોલી નગરના અલંકાર સિનેમા સર્કલ પાસે રેલવે ટ્રેક નજીક ઘણા સમયથી હોર્ડિંગ, લારીઓનું દબાણ હતું, જે સોમવારે પાલિકાના દબાણ વિભાગે દૂર કરીને ચોખ્ખું કર્યું છે.

બારડોલી નગરપાલિકાના દબાણ વિભાગના હેમંત વ્યાસની આગેવાનીમાં સોમવારે બપોરના સમયે અલંકાર સિનેમા સર્કલ સામે દબાણ દૂર કરવા માટે ટીમ પહોંચી હતી. ત્યાંથી ત્રણ લારીઓ અને હોર્ડિંગ ખસેડીને જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. સર્કલ પર ટ્રાફિક સમસ્યા હોય, દબાણના કારણે અડચણ દૂર કરવા માટે પાલિકાએ દબાણ દૂર કર્યું હતું.

પાલિકા પ્રમુખ અને ચીફ ઓફિસર નગરના



માર્ગ પરના દબાણ હટાવવા માટે કવાયત શરૂ કરી છે. આગામી દિવસોમાં નગરના મુખ્ય માર્ગ સહિત ટ્રાફિકની ધ્યાનમાં રાખીને દબાણ હટાવવા આગોતરું પગલું ભરી શકે છે. સિનેમા સર્કલ પરનો દબાણનો સામાન પણ ભરીને ખસેડી લેવામાં આવ્યો છે. બારડોલીમાં અલંકાર સિનેમા સર્કલ સામે થઇ રહેલી દબાણો દુર કરવાની કાર્યવાહી.

## સુરત જિલ્લામાં તાપમાન ૪૦ થી ઘટીને ૩૮ ડિગ્રી થયું, બફારામાં વધારો



બારડોલી- સુરત જિલ્લામાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી ઘટીને ૩૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું છે. આ ઘટાડો જિલ્લાના વિવિધ વિસ્તારોમાં અનુભવાયો છે.

બારડોલી, કામરેજ, ઓલપાડ, માંગરોળ, પલસાણા અને ઉમરપાડા વિસ્તારોમાં તાપમાનમાં રાહત મળી છે. પરંતુ પવનની ગતિમાં વધારો નોંધાયો છે. સાંજના સમયે બફારાનું પ્રમાણ વધ્યું છે, જે લોકોને અસુવિધા કરી રહ્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ, આગામી દિવસોમાં તાપમાનમાં ફરી વધારો થવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી જિલ્લામાં તાપમાન સતત વધી રહ્યું હતું.

## ડોક્ટર હેડગેવાર સ્મૃતિ સેવા સમિતિ, સુરત દ્વારા

## પુણ્ય શ્લોકા અહલ્યદેવી હોલકર ત્રીસતાબ્દી મહોત્સવ નું ડોક્ટર બાબા સાહેબ આંબેડકર હોલ વ્યારા માં ભવ્ય કાર્યક્રમ સંઘ દ્વારા ઉજવવામાં આવ્યો

**તાપી-** પુણ્ય શ્લોકા અહાલ્યા દેવી હોલકર ત્રીશતાબ્દી મહોત્સવનું આજરોજ ડોક્ટર હેડગેવાર સેવા સમિતિ સુરત મહિલા સમન્વય તાપી દ્વારા ભવ્ય આયોજન ડોક્ટર બાબા સાહેબ આંબેડકર હોલ વ્યારા ખાતે કરવામાં આવ્યું હતું જેમાં નગર ના વિવિધ ક્ષેત્ર માંથી મોટી સંખ્યા ભાઈ ઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ સંચાલન રાષ્ટ્રીય સેવિકા સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષમાં વિનતાબેન ચૌબે તથા શૈલજા બેન અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા મુખ્યવક્તા તરીકે ડો. શ્રુતિ આનેરાવ તથા કાસ્મીરા બેન



ભટ્ટ દ્વારા ઉપસ્થિત લોકો ને માતા અહલ્યા દેવી હોલકરની જીવન ગાથા ઉપર સરસ માર્ગદર્શન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જ્યારે દેશ માં અંગ્રેજો અને મોગલ નું શાસન હતું ત્યારે અહલ્યા બાઈ દ્વારા હિન્દુ ભાઈ ઓ માટે આશ્રય સ્થાન બનાવ્યા હતા તેમના દ્વારા તે સમય માં જ્યારે છું આ છૂટ ની રીત રિવાજ ચાલતા હતા ત્યારે સમાજ ને એક કરવામાં સમાજ માં સામાજિક સમરસતા માટે પણ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું . આવા તેમના જીવન ચરિત્ર ને ઉજાગર કરવામાં આવ્યું હતું આજના સમય માં જ્યારે લોકો માં આવી મહાન વિભૂતિ ને કોઈ ને યાદ પણ નહીં હોય તેના વિવિધ પ્રસંગો ની ગાથા યાદ કરી લોકો ને પ્રેરણા પૂરી પાડી હતી.

Date-30/04/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# બાબાસાહેબ આંબેડકરની ૧૩૪ મી જન્મજયંતી નિમિત્તે બારડોલીમાં યુવા સન્માન સમ્મેલન

**મુખ્ય વક્તા શબ્દશરણ તડવી સહિત ભાજપના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો**





**બારડોલી**-ભારતના બંધારણના ઘડવૈયા, સામાજીક સમરસતાના મહાનાયક, 'ભારત રત્ન' ડો. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરજીની જન્મજયંતી નીમિત્તે ભારતીય જનતા પાર્ટી દ્વારા યુવા સન્માન સમ્મેલન મુખ્ય વક્તા શબ્દશરણભાઈ તડવી (પુર્વ ધારાસભ્ય, નાંદોદ વિધાનસભા) ની ઉપસ્થિતિમાં બારડોલી લેઉવા પટેલ સમાજની વાડી બારડોલી ખાતે યોજાયું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે સુરત જિલ્લા ભાજપા પ્રમુખ ભરતભાઈ રાઠોડ, બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર, જિલ્લા મહામંત્રી જીગરભાઈ નાયક, રાજેશભાઈ પટેલ, કિશનભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સંમેલન ની શરૂઆતમાં કાશ્મીર ના પહેલગામ માં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલામાં અવસાન થયેલ મૃતકો માટે ૨ મિનિટ નું મોન પાડવામાં આવ્યું હતું. ત્યાર બાદ સુરત જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડે સ્વાગત પ્રવચન કર્યું હતું. ૧૪૦ કરોડ લોકોનો પરિવાર છે.તે ભારતીય બંધારણ પર નિર્ભર છે. એના ઘડવૈયા ડો બાબા સાહેબની ૧૩૪ જન્મ જયંતી નિમિતે આજે યુવા સંમેલન યોજાયુંછે.ત્યાર બાદ બારડોલીના ધારાસભ્ય ઇશ્વરભાઇ પરમારે જણાવ્યું હતું કે. કોંગ્રેસ દ્વારા બંધારણની જે અવગણના થઈ છે. ભાજપા દ્વારા બંધારણ પ્રત્યે જે આદરભાવ છે.હિન્દુ ધર્મમાં જે રીતે દેવી દેવતાની પૂજા થાય છે.તે રીતે ભાજપા માં ડો.બાબા સાહેબ ની પૂજા કરવામાં આવે છે. ભાજપા સરકાર ૧૯૯૫ માં જયારે સત્તા પર આવી ત્યારે ડો.બાબા સાહેબના પરિવારના નામે અનેક યોજના બનાવવામાં આવી છે. ડો.બાબા સાહેબનું જતન કરવાનો સમય આવ્યો છે. જવાહર લાલ નહેરુની કંપની એ વિદેશ જઈને કહ્યું કે તમે અમારા દેશનું બંધારણ બનાવી આપો.ત્યારે કહ્યું હતું કે. લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકમાં બાર એક્ટ લો કર્યું છે. એવા ડો . બાબાસાહેબ આંબેડકર જેવા વ્યક્તિ છે. જેમની પાસે આખા વિશ્વનું બંધારણ બનાવવાની શક્તિ છે.તો પછી કેમ બીજાને શોધો છો. કોંગ્રેસને ડો. બાબા સાહેબની વેલ્યુ નથી. એટલે . ડો .બાબા સાહેબ કોંગ્રેસ ને બરાબર જાણતા હતા.અને બંધારણ સમિતિમાં સ્થાન ન મળે તે માટે ચૂંટણી માં હરાવવા માટે અનેક પ્રયત્નો કર્યા હતા. ત્યાર બાદ



બાબા સાહેબને બંધારણ ૨૬- ૦૧ - ૧૯૫૦ ના દિવસે અમલ થયો હતો. ત્યાર બાદ બીજેપી સરકારે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગેવાનીમાં ૧૨૫ મી જન્મજયંતિ નિમિતે દેશ ભરમાં પાંચ તીર્થ બનાવ્યા , નાગપુરમાં વિશ્વ સ્તરીય સ્મારક બનાવ્યુ. ત્યાર બાદ દિલ્હી માં જનપથ પર સંગ્રહાલય સ્મારક બનાવીને એક સન્માન આપ્યું છે.

બાબા સમગ્ર ભારત માં છે. બાબા સાહેબે બરોડા કમાતી બાગ ખાતે એક ઝાડ નીચે બેસીને આગળ અભ્યાસ કરવાનો સંકલ્પ કર્યો હતો. બંધારણ અને બાબા સાહેબ એક સિક્કાની બે બાજુ છે.ત્યાર બાદ મુખ્ય વક્તા શબ્દ શરણ તડવીએ જણાવ્યુંહતુંકે. બંધારણ ના ઘડવૈયા માટે લોકોને જે લાગણી છે પ્રણાલીમાં ન્યાય મળ્યો હોય તેવી પ્રતિતિ થાય. લોકસભામાં રાહુલ ગાંધી લાલ ચોપડી લઈને દેખાવ કરે છે તે દુષ્પ્રચાર કોગ્રેસ કરે છે. જે કાર્યકર્તાઓ તો જાણે છે. પણ લોકોને જાણ થાય તે માટે ભાજપા સરકાર એ તે સમય માં અસ્પૃશ્યતા હતી. એમના અનુભવના કારણે બંધારણ સમિટીમાં જોડાઈને એમના વિચારનું ભારત કેવું હોવું જોઈએ તે વિશે અભ્યાસ કર્યો હતો. કોગ્રેસે બંધારણી કલમોમાં અસંખ્ય સુધારા કર્યા છે.ભાજપનો સરકારે જે સુધારા કર્યા છે તે દેશ અને લોક હિતમાં કાર્ય હતા. ઈન્દિરા ગાંધીએ કટોકટી લગાવી ને લોકશાહીની ખરી હત્યા અને બંધારણનું અપમાન કર્યું હતું. ટ્રસ્ટીકરણ ની રાજનીતિ કરી હતી. ભાજપ સરકાર એ ન્યાય સહિતનો અમલ કર્યો છે. UCC, કલમ ૩૭૦, કટોકટી દરમિયાન કોંગ્રેસ પાપ કર્યું હતું. બંધારણ ના ઘડવૈયા ડો બાબા સાહેબને ભારત રત્ન એવોર્ડ ભાજપા સરકાર એ આપ્યો છે.

અને કોંગ્રેસે કેવા દુર્વ્યવહાર કર્યા છે. તે લોકોને ખયાલ હોવો જોઈએ. કોંગ્રેસ લોકોને ગુમરાહ કરે છે. UCC જેવા સમાજ માં વહેંચી દેવામાં આવ્યા છે.ભાજપનો દુષ્પ્રચાર થતો અટકાવવા માટે કાર્યકર્તાઓએ આગળ આવવું જોઈએ.

આ સંમેલનમાં શબ્દ શરણ તડવી, પૂર્વ ધારાસભ્ય નાંદેડ, સુરત જિલ્લા પ્રમુખ ભરતભાઈ રાઠોડ, જિલ્લા મહામંત્રી જીગરભાઈ નાયક,રાજેશ ભાઈ પટેલ, કિશનભાઈ (કાંતિ) પટેલ, કેતનભાઈ પટેલ, ગુણવંત ભાઈ દેસાઈ,, કિશન ભાઈ પટેલ ( મહામંત્રીશ, સુરત જીલ્લા ભાજપ સંયોજક,) કિશોરભાઈ માહ્યવંશી (પ્રભારી એસ. સી. મોરચો સહ સંયોજક) રાકેશભાઈ કંથારીયા મા. મહામંત્રી, એસ. સી. મોરચો સહ (સંયોજક) તથા જિલ્લા સંગઠનના હોદ્દેદારો પદાધિકારીઓ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. મહામંત્રી કિશન ભાઈ પટેલે આભાર વિધિ કરી હતી. જયારે સરસ મજાનું સંચાલન અજીત સિંહ સુરમાએ કર્યું હતું.

# ભાણોદરા, ભાટિયા, ભટલાઈ અને બોણદ ગ્રામપંચાયત ખાતે ગ્રામ્યવિકાસ યોજનાઓ માટેની સામાજિક ઓડીટ થઈ સાથે ગ્રામસભા યોજાઈ





સામાજિક ઓડીટ યુનિટ,ગાંધીનગર ગુજરાત સરકાર દ્વારા રાજયના તમામ જીલ્લાઓમાં વર્ષ ૨૦૨૪- ૨૫ ગ્રામ વિકાસ યોજનાઓ જેવી કે મહાત્મા ગાંધી નરેગા, પ્રધાન મંત્રી આવાસ યોજના (ગ્રામીણ), સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન, ૧૫ મુ નાણાપંચ,રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ, મધ્યાહન ભોજન યોજના, આઈસીડીએસ આંગણવાડી અને પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર (પીડીએસ) યોજનાઓના લાભો જરૂરિયાતમંદ લોકો સુધી પહોચે તે હેતુથી રાજયભરમાં સામાજિક ઓડીટની કામગીરી કરવામાં આવી રહી છે.



જેના ભાગ રૂપે સૂરત જીલ્લાના ચોર્યાસી તાલુકાના ભાણોદરા, ભટલાઈ,ભાટિયા અને બોણદ ગ્રામપંચાયત ખાતે ૧૫ એપ્રિલ થી ૨૮ એપ્રિલ સુધી માં સામાજિક ઓડિટર દીપક જાયસવાલ ની ઉપસ્થિતિ માં સામાજિક ઓડીટની ગ્રામસભા યોજાઈ હતી.ગ્રામસભામાં વિવિધ યોજનાઓમાં થયેલ કામગીરી અને કરવામાં આવેલ ખર્ચનો અહેવાલ વંચાણે લેવામાં આવેલ એની ભૌતિક ચકાસણી પણ કરવામાં આવી હતી અને વિવિધ જનકલ્યાણકારી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી અને વિશેષતઃ નેશનલ લાઇવલીહૂડ મિશન અંતર્ગત ગામ માં સખી મંડળ ઉભું કરી યોજનાકીય લાભો લેવા સાથે મહિલાઓ ને રોજગારી માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

નાડાપંચ અંતર્ગત વિસ્તાર ના જરૂરી કામો ની માંગણી ગ્રામજનો સામૂહિક રીતે કરીને સુવિધાઓ લઈ શકે એ બાબતે માહિતગાર કર્યા હતા. ગ્રામસભા માં વિવિધ સહાય થકી પેન્શન મેળવતા લોકો સાથે યોજનાકીય ચર્ચાઓ કરવામાં આવી હતી. પંડીત દીનદયાળ ગ્રાહક ભંડાર યોજના અંતર્ગત એનએફએસએ કાર્ડ ધારકો ને એમના અનાજ ના જથ્થા કે રેશન કાર્ડ સંબંધિત કોઈ સમસ્યા નો નિવારણ કઈ રીતે ઓનલાઇન પણ થઈ શકે એની સંપૂર્ણ માહિતી આપી જાગરૂક કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ઉપસ્થિત ગ્રામજનોના સૂચનો અને પ્રશ્નો મેળવવામાં આવેલ હતા. નોંધનીય છે કે ગ્રામ પંચાયતના હોદ્દેદારો,ઉપસ્થિત અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પ્રશ્નોનાં નિરાકરણ માટે કાર્યવાહી અને આગળ ની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.નિયામક સામાજિક ઓડિટ અને કમિશ્નર ગ્રામ વિકાસ ના માર્ગદર્શન માં થતી સામાજિક ઓડિટ અને એની ગ્રામસભામાં ચોર્યાસી તાલુકા પંચાયત ના પ્રમુખ તૃપ્તિ પટેલ વિવિધ ગ્રામ પંચાયત ના સરપંચ નર્મદા પટેલ, ડિમ્પલ પટેલ ઉપસરપંચ પ્રવીણ રાઠોડ, છોટુ પટેલ સૌ તલાટી ભાર્ગવ દેસાઈ, ધર્મિષ્ઠા રોહિત, પ્રભાત દેસાઈ, મયુર રૂદાની પંચાયત ના હાલ ના અને પૂર્વ સભ્યો હોદેદારો, અગ્રણીયો, વિવિધ યોજના ના સંયોજકો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં ઉપસ્થિત તમામ ગ્રામજનો, અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર વ્યક્ત કરી ગ્રામસભાની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી.

# સુરતમાં રાજપૂત સમાજનો સ્નેહમિલન સમારંભ:૧૪૦૦ સભ્યોની હાજરીમાં સભ્યયાદી પુસ્તકનું લોકાર્પણ, ૯૦ પ્રતિભાશાળી સભ્યોનું સન્માન




**સમારંભમાં સમાજના ૯૦ પ્રતિભાશાળી સભ્યોનું સન્માન કરવામાં આવ્યું. આમાં ડોક્ટરો, ઇજનેરો, શિક્ષકો, વકીલો અને ખેલાડીઓનો સમાવેશ થાય છે.**

સુરત- શ્રી રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, ચલમવાડ સુરત દ્વારા ૨૭ એપ્રિલ ૨૦૨૫ ના રોજ રૂસ્તમપુરા કોમ્યુનિટી હોલમાં પ્રથમ સ્નેહમિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ૧૪૦૦ જેટલા સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ રાજપૂત સમાજ જ્ઞાતિ ટ્રસ્ટની સભ્યયાદી પુસ્તકનું લોકાર્પણ હતું. આ પુસ્તક સમાજના સભ્યો વચ્ચે વધુ સારો સંપર્ક સ્થાપિત કરવામાં મદદરૂપ થશે.

સમારંભમાં સમાજના ૯૦ પ્રતિભાશાળી સભ્યોનું સન્માન કરવામાં આવ્યું. આમાં ડોક્ટરો, ઇજનેરો, શિક્ષકો, વકીલો અને ખેલાડીઓનો સમાવેશ થાય છે. ટ્રસ્ટના જૂના અને નવા કારોબારી સભ્યોને પણ તેમના યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ, યુવા વિકાસ અને આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ જેવા વિષયો પર ચર્ચા થઈ. સમાજની એકતા મજબૂત બનાવવા અને ભવિષ્ય માટે નવી દિશા નક્કી કરવા માટે આ મંચનો ઉપયોગ કરવામાં આવ્યો. ટ્રસ્ટે કાર્યક્રમમાં હાજર રહેલા તમામ મહેમાનો અને યોગદાન આપનાર દરેક વ્યક્તિનો આભાર માન્યો. સાથે જ ભવિષ્યમાં આવા વધુ કાર્યક્રમો યોજવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

# ઈન્સ્ટા પર વીડિયો જોઇ રોકાણ કરતા ૫૦ હજાર ગુમાવ્યા




આંબોલી-કામરેજના શ્યામવિલામાં રહેતા ધર્મેશ મનસુખભાઈ બારૈયાએ ઈન્સ્ટાગ્રામ મારફતે બાદશાહ બ્રોકિંગ ઇન્વેસ્ટમેન્ટ વોટ્સએપ ચેટ લીંક ઓપન કરી હતી વિગતો મેળવ્યા બાદ રોકાણના નામે ૫૦ હજાર ટ્રાન્સફર કર્યા હતા. વિદેશની માર્કેટમાં રોકાણ કરતા હોય ચાર કલાક બાદ રીટર્ન આપવાની વાત કરી હતી. પરિસ્થિતિ પામી ગયેલા આગળ રોકાણની મનાઈ ફરમાવી દીધી હતી. પોતાની રોકાણ વાળી રકમ પરત માંગતા એક્સેન્જ પેટે વધુ ૩૫ હજાર ચૂકવે તો પરત કરવાની વાત કરી હતી. આખરે છેતરપિંડીનો ભોગ બનેલા ધર્મેશે આ અંગે કામરેજ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.













ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ઘામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)- SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).